(C)

**સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં, મુકામ - સુરત**

**ફોજદારી કેસ નંબર - ૧૯૯ / ૨૦૨૫**

**કમિટલ ઓર્ડર**

**આંક-૦૧ (ચાર્જશીટ) લગત કમિટલ હુકમ**

====================================================================

1. આરોપી/ઓ સામે કોગ્નજેબલ ગુનો નોંધાયેલ, જે ગુનાના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ પુરતી તપાસને અંતે આરોપીઓ વિરૂદ્ધ અત્રેની અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે. ગુનાની સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર અને ગંભીરતા ધ્યાને લીધા. સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા એકમાત્ર નામ.સેશન્સ અદાલત, સુરતને પહોંચે છે. સબબ આરોપી/ઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ / ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ પોલીસ પેપર્સના તમામ કાગળોની નકલો આપવામાં આવી છે.
2. આરોપી/ઓ હાલમાં જ્યુડીશીયલ કસ્ટડીમાં છે / જામીન મુક્ત થયેલા છે. આરોપી/ઓનું નિવેદન લેતા તેમની સામેના કેસનો બચાવ તેઓ સ્વખર્ચે વકીલ રોકી કરવા માંગે છે તેવું જણાવેલ છે. આરોપીના જામીનદારે પણ પુરસીસ રજૂ કરી જાહેર કરેલ છે કે તેઓ નામદાર સેશન્સ અદાલત, સુરત સમક્ષ પણ આરોપી/ઓના જામીન તરીકે ચાલુ રહેવા માંગે છે. સબબ સદરહું કેસ કમિટ કરતો હુકમ ન્યાયના હીતમાં નીચે મુજબ કરવામાં આવે છે.

**હુ ક મ**

1. બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૨/ક્રિમી.પ્રોસી.કોડની કલમ-૨૦૯ મુજબ આરોપી/ઓ વિરૂદ્ધનો હાલનો કેસ નામદાર સેશન્સ અદાલત, સુરત તરફ કમિટ કરતો હુકમ કરવામાં આવે છે.
2. અસલ રેકર્ડ તથા મુદ્દામાલ, નામદાર સેસન્સ અદાલત, સુરત તરફ સત્વરે મોકલી આપવા.
3. સદરહું કેસ કમિટ કર્યા અંગેની જાણ વિ.જીલ્લા સરકારી વકીલશ્રીને કરવી.
4. આરોપી/ઓને હવે પછી નામદાર સેશન્સ અદાલત, સુરત સમક્ષ હાજર રહેવા સુચિત કરવા.
5. આરોપી/ઓ જામીન મુક્ત થયેલા હોય તો તેમના જામીનદાર સાથે નામદાર સેશન્સ અદાલત, સુરત સમક્ષ હાજર રહેવું.

હુકમ આજ તા. 23 , માહે - એપ્રિલ વર્ષ - ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

23/04/25

**તારીખ -** ૨૩/૦૪/૨૦૨૫

**સ્થળ - સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**

**જજકોડ - જીજે૦૧૬૦૬**

**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત**